| Published Date: | Thursday 9th November, 2017 | Publication: | Prabhat (Gujarati) [Ahmedabad] |
|---|---|---|---|
| Journalist: | Bureau | Page No: | 7 |
| MAV/CCM: | 58,828/42.02 | Circulation: | 65,000 |


# પ્રિમિયર સ્કૂલ લીગ્સનો અરિના બાય ટ્રાન્સસ્ટેડિયા અમદાવાદ ખાતે પ્રારંભ

અમદાવાદ, ૮ નવેમ્બર, ૨૦૧૭: અરિના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે પ્રિમિયર સ્કૂલ લીગ્સનો પ્રારંભ થયો છે જેમાં ૭ વર્સિસ ૭ ફૂટબોલ મેચમાં દસ સ્કૂલો સ્પર્ધામાં ઉતરી છે. આ લીગનો હેતુ અમદાવાદની સ્કૂલોના એથ્લેટ્સને એકત્ર કરવાનો છે અને ફિટનેસ અને વેલનેસને પ્રમોટ કરવાના લક્ષ્ય સાથે વિવિધ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ્સમાં સ્પર્ધા યોજવાનો છે. તે એક સ્પર્ધાત્મક પ્લેટફોર્મ્સ તરીકે સ્કૂલો માટે કાર્યરત રહેશે જેથી વર્લ્ડક્લાસ સુવિધા સાથે રમતા તેઓની સ્પોર્ટિંગ ટેલેન્ટને પ્રોત્સાહન આપી શકાય.

સ્પર્ધક સ્કૂલો કે જેમને પ્રિમિયર સ્કૂલ લીગ્સ - ફૂટબોલમાં બે ગ્રૂપ્સમાં વહેંચવામાં આવી છે. ગ્રૂપ એમાં એપલ ગ્લોબલ સ્કૂલ, રચના સ્કૂલ, સેન્ટ ઝેવિયર્સ-હાંસોલ, ડીએવી સ્કૂલ અને એમજીઆઈ સ્કૂલ સામેલ છે. જ્યારે ગ્રૂપ બીમાં એલએમએલ સ્કૂલ, વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલ, કોસમોસ કેસલ સ્કૂલ, સેવન્થ ડે એડવેન્ટીસ્ટ સ્કૂલ તથા શેઠ સીએન વિદ્યાલય સામેલ છે. સ્પર્ધા વધવાની સાથે, સ્કૂલ્સ બ્રાન્ડ વેલ્યુ નિર્માણ કરે છે અને ટુર્નામેન્ટમાં ગૌરવભેર રમીને તેમના ઈન્વોલ્વમેન્ટને ઓફખ આપે છે. આ ઈવેન્ટ અરિના બાય ટ્રાન્સસ્ટેડિમાં ૭થી ૧૨ નવેમ્બર, ૨૦૧૭ના દરમિયાન યોજાઈ છે.

એસઈ ટ્રાન્સસ્ટેડિયાના સ્થાપક અને એમડી ઉદિત શેઠે કહ્યું હતું, 'અમે ટ્રાન્સસ્ટેડિયા ખાતે અમે ટેલેન્ટ ડેવલપમેન્ટમાં માનીએ છીએ જેમાં એજ્યુકેશન સિસ્ટમ સાથે સ્પોર્ટ્સ પ્રોગ્રામ પણ વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટ્સ ટ્રેનીંગ, ઈન્ટર સ્કૂલ કોમ્પિટિશન્સ, ક્વોલિટી ઈક્વિપમેન્ટ આપીને અને ફિટનેસ એસેસમેન્ટ્સ દ્વારા વિકસાવવામાં આવે. લીગ્સ દ્વારા અમને આશા છે કે ગુજરાતભરની સ્કૂલોમાંથી મોટી સંખ્યામાં સ્કૂલો સામેલ થઈને તેમની ઉત્કૃષ્ટતા દર્શાવી ટેલેન્ટ્સને પર્ફોર્મ કરવા માટે પ્રેરણા આપશે. ૭ વર્સિસ ૭ ફોર્મેટ ફૂટબોલ લીગનો હેતુ 'સ્મોલ સાઈડેડ ગેમ્સ'નો વિચાર રજૂ કરવા માટેનો છે અને સાથે અમારા ઉગતા ખેલાડીઓને ફૂટબોલમાં એ રીતે મહત્તમ સમય આપી શકે એ માટેનો છે અને સાથે અરિના ખાતે બોલ સાથે તેઓ પોતાની ટેલેન્ટ દર્શાવી શકે એ માટેનો છે. જે સ્ટેડિયમ વર્લ્ડ ક્લાસ સ્ટેડિયમ છે.'

લીગમાં વિવિધ સ્પોર્ટ્સ જેમકે ફૂટબોલ, બાસ્કેટ બોલ, ટેબલ ટેનીસ, કબડ્ડી, બેડમિન્ટન અને વોલીબોલ જેવી રમતોને આવરી લેવાશે. સ્પર્ધકોને તેમની ટેકનીક્સમાં વધારો કરવા માટે વિજ્ઞાન આધારિત એસેસમેન્ટ દ્વારા જે તે રમતમાં પ્રોત્સાહિત કરાશે.